આધુનીક સમયમાં નાત્યોમાં ચાલતી

શેઠોની શાખા

અને

પટેલોનું પોગળ.

સહુ સજ્જનોને સમજવા માટે,

દોહરો.

નીતિ ધર્મના જ્ઞાનથી, સુખ અહિં તહિં બહુ થાય;
સર્વ વિઘ્ન આથાં ખસે, મન મળ નિકળી જાય.

રચી છપાવી પ્રસિદ્ધ કરતા

સરઢવ પંચાલ મંડળ તરફથી
પંચાલ બ્રાહ્મણ મંગળભાઈ જયચંદ.
ચાંદીના ફેન્સી દાગીનાની દુકાન,
ઠે૦ માંડવીની પોળ—અમદાવાદ.

અમદાવાદ
ખેમાસાને ચકલે, ધી 'નટવર' પ્રીન્ટીંગ પ્રેસમાં
ભોગીલાલ નારણદાસ બોડીવાળાએ છાપ્યું.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.
કિંમત ૦-૦-૬ પાઈ.

[illegible]

શેઠોની શાખા

અને

પટેલોનું પોગળ

વિનંતી પત્ર.

સરવે જ્ઞાતિના નાનીલા ભાઇઓને નમ્રતા પુર્વક વીનંતી કરં વાની કે આપણા દેશની ઘણીએક નાતોમાં કુધારો કંટાળો ખાવા લાયક પેશી ગયો છે. કારણ કે અસલના વૃદ્ધ માણસો ઘણા ભોળા હતા. તે વખતમા બે ચાર લડવાડીયા ને કપટના ભરેલાઓ મળી પોતે ઘણીએક ખટપટો કરી શેઠ કે પટેલ થઈ બેઠેલા તેમણે એવો કુધારો ખોસી ઘાલ્યો છે કે હાલના વિદ્વાનો અને વિચારવાળાઓનું ઘણીજ દીલગીરી સાથે કહેવું થાય છે કે આ કુધારો ટળીને સુધારો ક્યારે થશે. જો કદી પોતે સુધારો કરવા ચાહાય તોપણ કાંઇ એક હાથે તાળી પડતી નથી. તેમ એકલાથી સુધારો થતો નથી. માટે સરવે ભાઇઓએ મળી કુળાભીમાન છોડી સુધારો કરવા ચાહાઓ તો સુધારો બને. તેમ જે હાલના કુળાભીમાનીઓ છે તે લોકો કુળાભીમાન છોડનાર નથી. અને છોડે તો લેકોને ઘણુંજ નુકશાન

છે પહેલું તો ગુમાસ્તી આપ્યા વિના શેઠ શેઠ કહેવાતા મટે છે. બીજું છોકરા તથા છોકરીઓના પૈસા ઉપજતા અટકે છે. ત્રીજું બબે ત્રણ ત્રણ કન્યાઓ મળતી બંધ પડે છે. આવાં અનેક કારણોથી તે લોકોને સુધારો કરવાની કાંઇજ જરૂર નથી. પણ જે કુળાભીમાની નથી અને લાડુ લાવશીના લાલચુ નથી, તેવા ભાઇઓ ભેગા થઈ સુધારો કરશે એવી આશા છે. આ બુક વાંચી મનમાં દ્વેષ લાવવો નહી કારણ કે કરતા પુરૂષે દ્વેષ રહિત કરી છે. ને કરવાનુ કારણ નાતોમાંથી અનીતી ટળી નીતી થાય. આ કહ્યા છતાં જે માથે ખેંચી લેશે તેજ આ કર્મ કરતા હશે એમ જાણીશું.

ધાસ્તી પત્ર.

આ પુસ્તક રચતી વખતે મને કુળાભીમાનીઓએ ઘણીક ધમકી દીધી પણ તે ધમકી નહી ગણતાં ખરી બીના ઝાહેર કરવા આ પુસ્તક રચ્યુ છે.

અર્પણ પત્ર.

શેઠ સટોરસા, પટેલ પેટભરસા તેમને આ બુક અર્પણ કરૂંછું. બીજા મેહેરબાન ભાઇઓને આ ચોપડી તીખાં તીખાં મરી રૂપી આપું, તે ફાકીને જાગ્રત થાઓ. કારણ કે સરવે જ્ઞાતીલા ભાઇઓમાં શેઠીઆઓને શરદી પેશી ગઇ છે અને પટેલોને પાસ લાગી ગયો છે માટે સાબુ રૂપી આ ચોપડી વાંચીને પાસ લાગી ગયેલો તે ધુઓરે ધુઓ. ધોવાય નહીં તો ધોકરણું લ્યો. મચમચાવાય નહીં તો મુઠળુ લ્યો. ઝીકાય નહી તો ઝાંખરૂં લ્યો, પણ ધુઓરે ધુઓ. અહો! જ્ઞાતિલાઓ આટલું વાંચતામાં શું હસો છો હજી તો શેઠીઆઓના છા-

જીયાં અને પટેલોની પીટણી ઘણીક છે. નાતીલો બોલ્યો, શેઠને પટેલ એવું શું કરતા હશે કે એમના નામની સઘળી નાંતોમાં નીત પોક્ષ પડે છે. એટલે પાસે ઉભેલો શેઠ બોલ્યો હાય હાય શેઠોનું સત્યાનાશ અને પટેલોનો પરિવાર કાહાડવા કેમ બેઠા છો નાતીલો બોલ્યો, નારે બાપા તમારૂ સત્યાનાશ અને પટેલોનો પરીવાર અમો શું કામ કહાડીએ પરમેશ્વર કાહાડશે; પણ શેઠ સાહેબ અમોને તમો એક સરખી જાતના મનુષ છીએ તેમ છતાં તમો શાં શાં પરાક્રમ કરતા હશો કે તમોને સરવે શેઠ શેઠ કહે છે. શેઠ બોલ્યો. ભાઇ અમારા પ્રાક્રમ સાંભળવાં હોય તો ચીત રાખીને સાંભળો.

પહેલું.

અમે નાતમાં લડીએ, ગરીબને બહુ નડીએ,
નબળા કામનાં પડીએ, ઘાટ બધાનો ઘડીએ.
ધારીએ તેને છડીએ, હાનત હાજને હડીએ;
આટા વિના રડીએ, ત્યારે નાતને કનડીએ.

બીજું.

ડોળો દેખાડી ખાઇએ, સોદાંના સાથી થઇએ;
ગરીબને ધમકી દઇએ, નબળાને ચાંપીએ છઇએ.
છાની લાચો લઇએ, અજમો લઈ ગુણ ગાઇએ.
લોકમાં સારા કહીએ, સ્વારથ હોય ત્યા જઇએ.
સૌને મળતા રહીએ, ગળે છરી વહીએ.

ત્રીજું.

અમે પાક્ષ પડપંચવાળા, હાથમાં રાખીએ માળા;

કરીએ પ્રમાણીક ચાળા, લેઇએ ગર્થના ગાળા.
અમે શેઠ એવા રૂપાળા, અમને મુંડે સૌ કહે સાળા.

ચોથું.

અમે નિંધા સૌની કરીએ, પાપે પેટ ભરીએ,
ગ્રહસ્થ જોઇ ન ઠરીએ, અદેખાઈમાં મરીએ,
ફુલાશોમાં ફરીએ, લાચ્છને ન ડરીએ;
છોકરીની છત હરીએ, કન્યા દે તેટલી વરીએ
ધાક કોઇની ના ધરીએ, અમને સંગરે નહી શ્રી હરીએ.

નાતીલો બોલ્યો. વાહ વાહરે શેઠ વાહ! સાબાશ છે શેઠ સ-ત્યનાશીઆ, પ્રમાણુ છે પટેલ પાપીઆ, હું તો તમારી છટા સાભળીને એવો ખુશી થયો કે તમારા રોગ દોગ પૈસો પુત્ર, બાળ બચ્ચાં કુ-ટુંબ પરીવાર લેઇને મરી જાઉ. ને તમે સો વરસના થાઓ. અને ખાટલે પડયા ખાઓ, એટલો અમારો આશીરવાદ છે. શેઠ બોલ્યો ભાઇ તથાસ્તુઃ નાતીલો બોલ્યો, શેઠ સાહેબ બારીસ્ટરને બારીસ્ટર-પણાની નિશાની સારૂ ડગલો હોય છે. જજ્જને જજ્જપણાની નિ-શાની સારૂ ઝભ્ભો હોય છે. અને તમારી પાસે શેઠાઇપણાની કેમ કાંઈ નિશાની નથી. શેઠ બોલ્યો ભાઇ ઇશ્વર આધળો છે, પરમેશ્વર પાંગળો છે નારાયણ નખોદીઓ છે, અંબાજી ઊંધી છે મહાદેવ મુરખો છે અને બ્રહ્મા ભીખારી છે કે અમોને બીજા બે પગ અને એક ચમ્મર આપ્યું નહીં, પણ ઠીક છે કોકવાર અમને એ દેવલોક મળશે તે દહાડે એમની વાત છે નાતીલો બોલ્યો. વાહરે શેઠ શુ તમારાથી દેવલોક ડરીને નાસશે ? શેઠ બોલ્યો હા ભાઇ હા. ભુંડાથી ભુતે નાસે અને ભ ગીઆથી બ્રાહ્મણો નાસે, તેમ અમો ડાંડથી દેવ નાસે. તેમાં તે

શું. દેવના બાપે નાસે. નાતીલો બોલ્યો વાહરે નખોદીયા શેઠ તમે તો મરશો ત્યારે કેવાએ કુટાશો શેઠ બોલ્યો ભાઇ હમારી કુટણીઓ કુટાશે તે તું સાભળી લે.

હાય હાય હાયરે શેઠીયા.

હાય હાય.

હાય પ્રટેલીયા, હાય હાય. હાય પંચાનો હાય હાય.
હાય કરતા તે, હાય હાય. હાય કોણ કરશે, હાય હાય.
હાય ગરીબને, હાય હાય; હાય કનડતા; હાય હાય.
કોણ કનડશે, હાય હાય; હાય છોડીઓના, હાય હાય.
પઇસા લેતા, હાય હાય, તે કોણ લેશે, હાય હાય.

ભાઇ આવી આવી જાતની તો અમારી ઘણીજ કુટણીઓ કુટાશે કારણ કે, અમે શેઠ માટે અમે કોઇને ત્યાં સમશાન, રોવા કૂટવા કે તેના ખરચ ખુટણમાં જઇએ નહીં પણ અમારે ઘેર સરવેને મહેનત મજુરી તથા રોવા કુટવા આવવુંજ પડે. નાતીલો બોલ્યો. વારૂ શેઠ. હવે તમો અમારે ઘેર નહી આવો પણ અમે તો તમારે ઘેર નીત્યાન રોવા કુટવા બારમા તેરમામાં રાંધવા કામ કરવા આ- વીશું, શેઠ બોલ્યો ભાઇ અમારી શેવા ચાકરી કરી અમને મળતા રહેશો તો તમારૂ નામ કોઇ દેનાર નથી; ન્યાતીલો બોલ્યો, વાહરે ઉછેદીઆ શેઠ વાહ! હા હા હા હા હા હા હા હા હા' એવી રીતે નાતીલાને હસતા જોઇને, શેઠ બોલ્યો; અલ્યા તમે મારી મસ્કરી કરો છો. નાતીલો બોલ્યો, નારે શેઠ ના; હું તે તમારી મશ્કરી કરૂં ? મશ્કરી કરે કાછીયો; કે પઇસો લે, અને વંતાક દે.

શેઠ બોલ્યો. ત્યારે તો ઠીક. તમે મશ્કરી નથી કરતા, તો હવે અમારી બધી કાળીગરી કહું; નાતીલો બોલ્યો, કોહો શેઠ કોહો. શેઠ બોલ્યો, અમારા કાળજામાં કપટ પેટમાં પાગી. મોહોમાં મીઠાશ, આંખમાં ઝેર, હૈયામાં હોળી; પમ અવળા; એવી એવી અમારી કારીગરીયો તે નાતના કોઇ માણુસને માલુમ પડે નહી. કારણ કે નાતના તમામ લોકો આંધળા હૈયાના ફુટેલ છે. નાતીલો બોલ્યો, શેઠ તમો આંધળાને હૈયાફુટેલ કહો છો તે મારા માનવામાં આવતું નથી. શેઠ બોલ્યો જો ભાઈ તેમ ન હોય તો અમે કોઇને ગુમાસ્તી* આપતા નથી તેમ અમો ઘરના પૈસાદાર કે ખાતા પીતા પણ નથી, તેમ છતાં અમોને સરવે શેઠ શેઠ કહે છે; અને અમારી રાડો થઇને રહે છે. નાતીલો બોલ્યો, શેઠ સહુને તો રાડો કેમ કહેવાય; શેઠ બોલ્યો, જો ભાઇ રાંડો ન હોય તો અમે જે વાતની બંધી કરીએ તે બંધીને છુટી કરીએ તે છુટી; એમ ચાલેજ નહી; અને તેમ ચાલે છે. માટે સરવે અમારી રાંડો; રાંડો ને રાંડો. નાતીલો બોલ્યો વારૂ શેઠ, હવે હું નાતીલાઓને ઉશ્કેરણી કરીશ એટલે તમારા સામા પડશે. શેઠ બોલ્યો; અમારા સામા પડશે તો, સામા પડવાની ખો ભુલાવવાનો અમારી પાસે ખેલ છે. નાતીલો બોલ્યો, તમારો જે ખેલ હોય તે કહો; શેઠ બોલ્યો, જે ધણી સામો થાય તેને ધમકી દેઇએ અથવા લલચાવીએ. અથવા માન્ય દેઇ ઉંચા ચઢાવીએ ને અમારા વશમાં રાખીએ તેમ છતા વશ રહે નહીં તો તેના ઘરનાં બાઇરાંઓની સાથે આડો અવળો ગમે તે સબંધ કહાડીને સગપણ બતાવી અને સામા થનારની માને અથવા બહેનને અથવા બઇરીને ચઢાવીએ ને સામા થનારની સાથે લડાવીએ ને તેના ઘરમાં કલેશ કરાવીએ; એટલે તે

ધણી ઘરના કલેશથી કંટાળીને અમારો તંત મુકી દેઈ અમારા વં-
શમાં રહે, ન્યાતીલો બોલ્યો, શેઠસાહેબ તમે તેને લલચાવો; ધમ-
કાવો, માન્ય આપો; તેના ઘરમાં કલેશ કરાવો. પણ જે ખરો પુરૂષ
પુરૂપાતનવાળો હોય તે તો વશ થાયજ નહી. શેઠ બોલ્યો ભાઈ પુરૂ-
ષાતનવાળા હોય તો અમે રાંડો કહીએજ નહી. નાતીલો બોલ્યો
વારૂ શેઠ સાહેબ હવે મને તમારા સરવે ગુણ માલુમ પડયા. માટે
હવે હું સરવે નાતીલા લોકોને ચેતવણી આપવાને આ વિષે ચોપડીઓ
બનાવીને છપાવીશ. શેઠ બોલ્યો, જા જા છપાવજે નાતવાળા અમને
શેઠ પટેલને શું કરનાર છે.

નાતીલો બોલ્યો સરવે નાતીલા ભાઈઓ સંપ કરીને તમારી
શેઠાઈ કાહાડી નાંખશે. શેઠ બોલ્યો, અલ્યા તું તેવી આશા રાખીશ
નહી, ઉલટા તને ચોપડીઓ બનાવ્યા સારૂ ગાળો દેશે, નાતીલો બો-
લ્યો હું ખરી વાત સમજવા જેવી છપાવીશ તેમાં તે શું ગાળો દેશે;
શેઠ બોલ્યા અલ્યા નાતના તમામ લોકો અમારા ગુલામ જેવા તેથી
તેઓ અમારૂં ને અમારૂં તાણશે, અને અમને વાહાલા થવા સારૂ
તને ગાળો દેશે; નાતીલો બોલ્યો, જે આ આદમી અકલનો ઓછો
ને હૈયાનો ફુટેલ હશે તેજ મને ગાળો દેશે. સમજુ અને વિવેકી હશે
તે તો મને જસજ આપશે, માટે જરૂર ચોપડીઓ છપાવું છું છું ને છું.

નાત્યોમાં શેઠોના શાખ્ય.

દોહરો.

લખતાં લહીયો નીપજે, ભણતાં પંડીત હોય;
લડતાં શેઠજ નીપજે, કુળ ના પુછે કોય.

એમ બન્યા છે શેઠીયા, કોઈ પણ હોય મુળ;
કુડ કપટ ઠંટા કરી, ઠેરવી બેઠા કુળ.
વાંચી શિક્ષા વળશે તે, ચાતુર ગુણ જાણ;
અતીકા બીજી જશે, નહિ બીજે પાષાણ.

કેલઈઆનો રાગ.

રાહડો.

ભાઈ કોઈ કુળ ન જોશોરે, જોઇને છેવટ રોશોરે—ટેક

ઘણોક ગજબ છે ગુજરાતમાં, સાંભળજો સહુ રીત?
વાચીને વળી વાળો શીખામણ, ઇચ્છજો આપનું હીત. ભાઈ૦ ૧

નાત્યો જાત્યોમાં વડી વાતો, કહી બતાવે કુળ;
પટેલ થઇ પચાતો કરે પણ, ઘરમાં ખાવાની ધુળ. ભાઈ૦ ૨

સહુપર કરે સારી શેઠાઇ, વખાણે પરીવાર;
શેઠનું નામ ધરાવતા મુઆ, હોય ઘણા દેવાદાર. ભાઈ૦ ૩

લેહેણદારો ઘેર લાંધવા બેસે, લુગડાં ખુબ ખેંચાય;
નાસ જમે ત્યાં મોહોટા ભા થઇને, ઘુમતા ઘુમતા જાય. ભાઈ૦ ૪

લાબા હાથ કરી કહાડે ધાંટા, દાખવે સૌ સંગ દ્રોહ;
વઢયા વઢયાનો રોદ જોઇને મુરખ પામે મોહ. ભાઈ૦ ૫

મુઢ કહે કે કરતો હરતો, નાતને જાતમાં એહ;
બોલતો ચાલતો ને ડંડ લેતો, માટે કુળનો તેહ. ભાઈ૦ ૬

એમ જાણીને દીકરીઓ દે, આપે પેહેરામણી પુર;
તોપણ કુલીન કહાડે વાંધો, દેખાડે નબળું નુર. ભાઈ૦ ૭

સાસરે ખાસડે મારીને ખાયે, બતાવે બહુ નોંક;
સાસુને સપડાવ્યા કરે, તારી છોડીને લાવીશ શોક. ભાઇ૦ ૮
આખના આંધળા હૈયા ફુટેલા, ઘણા મળે દેનાર;
એ ઘેર જાશે શેઠાણી થાશે, એવું ગણે ગુમાર. ભાઇ૦ ૯
સાસરવાસો લેઇને સાસરે, કુળવંતા ઘેર જાય;
ઓરવા ખોરવા શંખ નારાયણ, બહાર ઘણી ફુલાય. ભાઇ૦ ૧૦
પરણ્યા પછી શું કરે પાપણી, નકટાનું પરમાણ,
બીજાને નાક કદા કરવા, કુળના કરે વખાણ. ભાઇ૦ ૧૧
છેડા વાળીને છાની રૂએ, પેલા ભવનાં પાપ;
અરેરે ભુખડુંને ઘેર દીધી, મરજો માને બાપ ભાઇ૦ ૧૨
તમાચે રાંડ રાતુ મ્હોં રાખે, પ્હોળે પલાઠે ખાય;
વાત કરંતા નળીયા જેવડું, નાકજ ફુલી જાય. ભાઇ૦ ૧૩
કુળવંતાને કો નહી કહેનાર, માટે કરે ગમે તેમ;
રળે નહી ને રાંડને ઝુડે, વ્યયન ઉપર પ્રેમ. ભાઇ૦ ૧૪
માગીને પેહેરે ધાટ ઘરેણાં, ગૃહસ્થાઇ કાંઇક દેખાય;
નાતમા બીજાનો પઇસો દેખીને, પેટ પાસું બળી જાય. ભાઇ૦ ૧૫
શેઠથી જાદે પેહેરી હોડીને, આવે બીજા લોક,
તો શેઠની આંખમાં આગ ઉઠે, ઉપજે હૈયામાં શોક. ભાઇ૦ ૧૬
હાલના કુળમાં કેટલાં લક્ષણ, વખાણું વૈભોગ;
નીરંજન કદ્રુપ અભણ ગાંડા, વ્યસન ને વળી રોગ. ભાઇ૦ ૧૭
ઘરડો ગુણ હીણોને નપુંસક, કુળમાં એવા વર;
માગી તાગીને ખાય કણુકીયું, ભોગવે ભાડાનાં ઘર. ભાઇ૦ ૧૮
ઘેરી રખાવીને તેલ ધા પૈસાનું, ચોળી બનાવે તાલ;

કકડી પાન ચુનોને કાથો, માગી મોઢું કરે લાલ. ભાઇ૦ ૧૯
ચોટલી કપાલી બાબરી રાખે, મુછો વાંકી વાળે છેક;
બંનગી તાળુને પાસે ન મળે, વાલની વાંટી એક. ભાઇ૦ ૨૦

કદી કેરા ઠેકાણે મરદાઇને રૂપ, ગુણવાનને ધનવાન;
નીરોગી નીર વ્યસની ડાહ્યો, જવાનને વીદ્વાન. ભાઇ૦ ૨૧
સઘળી વાતના સુખને સારૂ, હોય સગું સન્યાય;
તોપણ હાલના કુળવતામા, અધરમને અન્યાય. ભાઇ૦ ૨૨
ગમે તે પણ જાણવી ખામી, કાહાડી મુકયો છે વરાડ;
ચાલ્ય તેનો ઉંચો હોય તો પણ, ઉંટનાં વાંકા અરાડ. ભાઇ૦ ૨૩

પણ તે ઉંચા થએલાની, કસુર નથી લગાર;
ગર્ધવ સરીખા ઉપરા ઉપરી, કન્યાઓના દેનાર. ભાઇ૦ ૨૪
એટલે તે શેઠીયા થઇ બેઠા, ફાટયા વિના રહે કેમ;
માટે આખી દુનીયાં સમજીને, કુળનો ટાળો વ્હેમ. ભાઇ૦ ૨૫

કુળવંતા કરે નાગી બડાશો, ઉંચાનો વાદ ન થાય;
એવી એવી ફુલાશો મારીને, સરવેને ધુતી ખાય. ભાઇ૦ ૨૬
એવા ધુતારાને દીકરી આપે, બાબાપો મુઢ લોક;
ઉચા ઉંચા તે શાના ઉંચા, ઉંચી તો ઊંટની ડોક. ભાઇ૦ ૨૭

શું સમજી સહુ ઉંચા કહો છો, ઉંચાં તો જુગમા ઝાડ;
તે કરતાં પણ ઊંચા કહો તો, વન બગડાના તાડ. ભાઇ૦ ૨૮
માટે ઉંચા નકામના જાણો, છાંડોને ચંડાળ ચાલ;
દામ દેઇ દીકરી દેશે તેને, થાશે શોકયનું સાલ. ભાઇ૦ ૨૯
શેઠીયા પાસે પૈસો ખુટે, લુટે ધરની નાર;
તેમ ન મળે તો બીજી વેળા, પરણવાનો વિચાર. ભાઇ૦ ૩૦

પરણવાથી આવે પેહેરામણી, કહો તેને શું દુઃખ;
વરસ હાહાડાનાં ટાણું જમેને, વેડેલી ભાગે ભુખ. ભા૦ ૩૧
તેમ કરતાં દીધેલી દીકરી, ને પેટ દીકરી થાય;
પાઘડીએ ને ઘાઘરીએ ઘુંજા, પૈસા માટે વેચી ખાય ભા૦ ૩૨
તે દીકરી વેચવાથી નાતીલાને, ક્રોધ ઉઠે દન ચાર;
પછી પાછા પેહેરામણી સાથે, દીકરી દે બીજી વાર. ભા૦ ૩૩
કૈક ઉંચા થવા શેઠીઆને, ઘેર કરે છે વેઠ;
વગર પૈસે બને ગુમાસ્તા, કલા કરે શેઠ શેઠ. ભા૦ ૩૪
ઘણાંક શેઠના છોકરાંઓને, બકાવી શીખવે ગાળ;
એમ વાહાલા થઇ શેઠ થવું હોય, તો ધોઈ આવો કપાળ. ભા ૩૫
શેઠ થવા છોકરાંને છકાવે, રમાડે લોકનાં ઝુંડ;
ઘણાક તેડીને નાત્યોમાં ફરે, તેથી તે કેવા મુઢ. ભા૦ ૩૬
પીરસવા રહે શેઠના છોકરાં, વગીયા કરે અપાર;
તેવી ખામી કોઇ કહેવા જાય તો, વઢવા થાય તૈયાર. ભા૦ ૩૭
તેના સામા કોઈ વઢવા ઉઠે, તો શેઠ કરે વીચાર,
નાતમાં નીચો તે શું સામુ બોલે, મુકી દો નાત બહાર. ભા૦ ૩૮
વઢયાને વાંકે શોભે નહીં તો, લાંચ્છન મુકે કાંક;
સાચી જુઠી જુગિત લગાવી, પાડે ડંડનો આંક. ભા૦ ૩૯
તેમાં ખરે ન્યાયે કોઇ ન બોલે, શેઠ થકી શરમાય;
શેઠની છાંયામાં શેઠ થવાને, હુંકારો દીધે જાય. ભા૦ ૪૦
એવા ઉંધા અજ્ઞાની ઘણા છે, હોશય ડોબાની જાત;
એમ કરે કાંઈ કુળ વધે નહી, ધ્યાનમાં રાખજો વાત. ભા૦ ૪૧
લોકને ઠંડી ભરે ઘેર હાણા, નાત જાણે જમે થાય;

તે ડંડનું મોહોડું કોઈ ન દેખે, હીસાબ લે જમરાય. ભાઈ૦ ૪૨
એવો એવો અનરથ કરીને, ચલાવે ઘરબાર;
આ સાર સાભળી સમજે નહી, તે મુરખનો સરદાર ભાઈ૦ ૪૩

નીસાસો લોકતણો લે ઝાઝો, હરામનું હરી ખાય;
તે પાપનો પોટલો વધે ત્યારે, મુળ સમુળું જાય. ભાઈ૦ ૪૪
શેઠ સાથે ફરનારા ફોગટ, મશાલના ઝાલનાર;
તે તેમનુ ને તેમનુ તાણે, ખર તણા અવતાર. ભાઈ૦ ૪૫

શેઠ વીના બીજા કોઇ પીરસે, જમણુ શાક કે કુર;
શેઠ પરેલોના મોઢા સામુ જોઇ, ભાણું ભરે ભરપુર. ભાઈ૦ ૪૬
છેલાઇમા શેઠ મોડા પધારે, પંગતમાં ખાય ભાવ;
પછી જમે તો થાય પોતાને, પતરાળાનો બચાવ. ભાઈ૦ ૪૭

ઉપર રહી જાદે ખરચાવે, પારકા પનોતા થાય,
પોતાના ટાણામા ટુંકીયાં વાળે, ખરચે કરો હાય હાય. ભાઈ૦ ૪૮
બીજાને મેહેણું મારી ચઢાવે, ખરચી કરો ખુલાસ;
પોતા જેવો ભીખ માગતો કરે, ત્યારે હઇયામાં હાસ. ભાઈ૦ ૪૯

દ્રવ્યવાળાને મર્મે કહે, ઢેડને ત્યાં ધન હોય;
પણ તે નાતને જમાડી ઘો, ત્યારે જાણે સૌ કોય. ભાઈ૦ ૫૦
એમ કહીને દાઝે બળતા, બોલે કડુચા બોલ,
શેઠ થઇ ખરચે નહી ચોત્રડું, તો તે બોલ્યા ખર તોલ. ભાઈ૦ ૫૧
ઘર આવ્યુ ટાણું સર્વ કરે છે, સુખે ભરે છે પેટ;
સહુના સરખુ તે વાવરે તો, જુતીદાસનો શેઠ, ભાઈ૦ ૫૨
પાચ લફંગા ભેળા મળીને, મેળવે પોતાની નાત;
ભગ બાંધીને ફુકે તમાકુ, પારકી ડોળે પંચાત, ભાઈ૦ ૫૨

જ્યાં લ્યા ઘર ભરવાનું કારજ, બેસે થઇને ઇંદ્ર,
પરના ભડાકા મારે તડાકા, છુપાવે પોતાનું છીદ્ર. ભાઇ૦ ૫૪

શેઠીયા કોઈ સભામાં બોલે, કોઇ કરે ધાંટા ધાટ;
ખરેખરા જાણે લક્ષાધીપતી, નાંખે લાવી આડી આટ. ભાઈ૦ ૫૫

જેને ને તેને કનડયા કરે, એ શેઠનો રોજગાર,
નાતો કરાવે દેવાં કરાવી, નહી તો મુકે નાત બાહાર. ભાઇ૦ ૫૬

શેઠનું છોકરૂં આડું બોલે તે, વાયે ઉડયું જાય;
બીજાનું છોકરૂં સેજ બોલે તો, પીછાનુ પારેવું થાય. ભાઈ૦ ૫૭

મુઆ એવા એવા અધર્મિ શેઠો, કેમ ન કોપે નાથ;
સરકારને પણ અરજ કરૂં છું, નાતોમાં ઘાલવો હાથ; ભાઇ૦ ૫૮

ફુલાવી ફુલણને ખરચાવે, ખુશીથી ખોતરી ખાય;
છેવટ તે ફુલેલા ભાઇના, કેવા ફજેતા થાય. ભાઇ૦ ૫૯

ઘરબાર હોય તે ગીરો મુકે, મુકે સારા સણગાર;
તે ન હોય તો ખત ખાતાં લખે, જસ લેવા ઘડી ચાર ભાઇ૦ ૬૦

દેવું કરીને ખરચી નાંખે, એવે આવે મંદવાડ;
વઈદ વારૂમાં જોઇએ નાણું, ખોદે દેવાના ખાડ. ભાઇ૦ ૬૧

ખાડ મુદતે પુરાય નહી તો, લોકો લાંઘવા જાય;
ફુલેલાની ફજેતી ફેંદાવા, ફરીઆદો બહુ થાય. ભાઇ૦ ૬૨

હુકમ લાવીને લેહેણદારો પૈસો પુંજી કરે જપ્ત;
તોપણ પુરૂ થઇ શકે નહી, લેનારો ન થાય ત્રપ્ત. ભાઈ૦ ૬૩

છેવટ હુકમ કેદનો લાવી, ફુલણનું કાંડુ સાય
જગત જમાડયાના જુઓ ફજેતા, પધારે મંદીર માંય. ભાઇ૦ ૬૪

એકલા કોટડીમાં પડી રહે, એળે વહે અવતાર;
નાતો જમાડી જસ લીધેલા, તેના કરે વીચાર, બાઈ૦ ૬૫

અરેરે ફુલ્યા ને ભવ ભુલ્યા, કો ન મળે મુજ પાસ;
ચઢાવ્યો શેઠે પડાવ્યો હેઠે, જાણજો સત્યાનાશ. બાઈ૦ ૬૬

માટે શીખામણ શેઠ પટેલની. તેમાં ન દેવું ધ્યાન;
શેઠ સગાથી સુખ ન મળે, થઇ જશો હેરાન. બાઈ૦ ૬૭

કેવા શેઠ ને કેવા પટેલ, કેવા એ ઉંચા ઢીંગ;
જેવા આપણ તેવા તે છે, શાં એગને શીરસીંગ. બાઈ૦ ૬૮

નઠારી દાનત નઠારાં લક્ષણ, નીરબળ ને નીરધન;
નીચાં કર્મને નીચું બોલવું, નીચાં નીચા વ્યસન. બાઈ૦ ૬૯

નઠારા દેદાર નઠારી નિંદા, નઠારૂ કર્યાનો પ્રેમ,
ઉઘાડી ઉઘાડી આપ્યુ છે સઉને, તો નહી સમજો કેમ. બાઈ૦ ૭૦

દીકરી ઘોતો જોડ જોઇને ઘો, કોઇ ન જોશો કુળ;
કુળેથી કન્યા કુવામાં નાખે, તેનું જશે જડમુળ. બાઈ૦ ૭૧

કેવી રીતની જોડી જોવી, તે કહું આગળ વાત;
આ બીનાથી મને શેઠ શેઠાણી, ભાંડીને પાડશે ભાત. બાઈ૦ ૭૨

પણ મને જેહ ભાંડે તે ભુંડી, ભાડે ભુંડો જેહ.
ખરૂ કહેતાં ખાર લાવે તો પડજો તેને દેહ. બાઈ૦ ૭૩

એકજ નાતને કહ્યું નથી આ, સૌ નાતને છે શીખ;
કુળ જોઇને દીકરી દે તે, દીકરી માગશે ભીખ. બાઈ૦ ૭૪

અક્કલના હાલ ઓછા લોકો, નથી તપાસતા મુળ;
લડે વઢે ને ઢોંગ કરે, એવા તે કહે છે કુળ. બાઈ૦ ૭૫

દ્રવ્યવાળો ને હોય રૂપાળો, ચાતુર બુદ્ધીમાત;
વ્હેવાર વીવેક વીધા ભણેલો, તે જાણુનો કુળવાન. બાઇ૦ ૭૬

કપરો ભાગ્યશાળી ને ડાહ્યો, જોઈને દ્યો કન્યાય;
તેવણુ હાલના કુળમાં દેશે, તે સ્રી કરે અન્યાય. બાઇ૦ ૭૭

નહી સુખ સ્વામીના રૂપને રંગનું, નહી ખાન પાનનું ચેન;
પહેરવા ઓઢવા ન મળે ત્યારે, શીખે નચાવવા નેન. બાઇ૦ ૭૮

પોતા પ્રમાણે પીઉ ન હોય તો, અબળા બહુ અકળાય;
વેઠાય ત્યાં લગી વેઠયા કરે પછી, છેવટ નીસરી જાય. બાઇ ૭૯

બજારમાં લેવા જાય ઉધારે, કોડી ન ધીરે કો એક;
તેવાને શેઠીઆ થાપી બેસાડયા, બળ્યો એ વાંકો વિવેક. બાઇ૦ ૮૦

શેઠને પટેલના પડપંચો, કોઇ થકી ન કળાય;
ત્રાહીતને ચીરનો હોય ત્યારે, વઢી મરે માહો માંય. બાઇ૦ ૮૧

એક રહે શેઠ સામી બાજુમાં, બીજો ત્રાહિતમાં જાય;
ત્રાહિત જાણે શેઠ છે પક્ષે હવે બીજાથી શું થાય. બાઇ૦ ૮૨

પછી સામા સામી શેઠીઆ બાજે, ગાજે આડા આંક;
ત્રાહિતને છેક ચાક ચડાવી, પક્ષવાળો થાય રાંક. બાઇ૦ ૮૩

ત્રાહિતને કહે શું કરીએ બાઇ, નાતથી પામ્યા હાર.
થોડો ઘણો પણ ડંડજ આપો, નહીતો જાશું વર્ણબહાર. બાઇ૦ ૮૪

પલાણ્યો શેઠીયો કપરો માટે, એને છાની દ્યો લાંચ.
નહી તો નહી સમાધાન થવા દે, ઘાલશે મોટી ઘાંચ. બાઇ૦ ૮૫

એમ પાસે રહીને પગ ભાગે, તે નહી મુઢને ડાધ;
વડેરા શેઠીઆ એકના એકજ, થઇને વેંચી લે ભાગ. બાઇ૦ ૮૬

મુરખ માણુસ ખેલ ન જાણે, ભાઈ કહે ભોળવાય;
પાંચ પચ્ચાસ વાર થપડો વાગે, તોએ વળગતા જાય. ભાઈ૦ ૮૭

હસ્તે મોઢે શેઠ બોલાવે, આવો ફલાણા લાલ,
પંચમાં બેસો ફલાણાને ડંડો, કહી ઝલાવે મશાલ. ભાઈ૦ ૮૮

એટલે અભાગીઆ અજ્ઞાની ફુલી ફાળકો થાય;
અહો મને માન્યો શેઠ લોકે ધારી કરડવા ધાય. ભાઈ૦ ૮૯

શેઠ ચડાવે ને જેમ લડાવે, તેમ લડી મરે આપ;
બીજે દહાડે પછી ભાવ ન પુછે, બોલાવે ન કોઇ આપ. ભાઈ૦ ૯૦

ચાર ઘડી ફુલાવેથી ફુલે, જાણે વધ્યું મારૂ કામ;
છેવટ છોછવો થઇ રહે આધો કપાળમાં ન દે ડામ. ભાઈ૦ ૯૧

માટે શેઠીયા સાબાશી દે પણ, જરા ન રાખવું લક્ષ;
ડાહ્યો, સપુતને સમજણો તે, ન તાણે શેઠની પક્ષ. ભાઈ૦ ૯૨

મીઠું બોલે ને કપટ ખોલે, વાળે પેટની દાઝ,
શેઠીયા ગાળો ભાડે સાંખે નહી નફટને લાજ. ભાઈ૦ ૯૩

છળ કરી છોકરાને જીવાડે, નહી પ્રભુની ધાક.
ઘોડે બેસે ને ગધેડે બેસે. સદાય ઝીણનું નાક. ભાઈ૦ ૯૪

ફાવતું આવે તેવો ન્યાય બોલે, શરમ નહી લગાર;
જ્યાં ત્યાં લોકની કરે ખરાબી, તડ પાડયામાં તઇયાર. ભાઈ૦ ૯૫

માટે રહીયત સંપ કરીને, ચલાવો રૂડી રીત;
ચેતો ચેનો સહુ ચાતુર ચેતો, શું થયા આંધળા ભીત ભાઈ૦ ૯૬

આ બધી બીના વાંચે કે સુણે, તેથી આવશે જ્ઞાન;
ગાંઠ વાળી લેશે સુણી હશે તે, ગધેડાને નહી સાન. ભાઈ૦ ૯૭

આ વાત અત્યારે ધ્યાનમાં લેશે, સમજીને સુભ સાર;
ઘડી કેડે પાછા ભુલી જવાના, ગુમારના ગુમાર. બાઈ૦ ૯૮
ડાહ્યા ધણી દલમાં લખી લેશે, સુધારો કરશે કાંક;
નઠારા શેઠને ઠેઠ ન પહોચાડે, તે રાંડ રૂપી રંક; બાઈ૦ ૯૯
અનેક ઉપાદીના ભરેલા શેઠ, કહેતાં ન આવે પાર;
કુળવાન નારીઓ કેવી રડે છે, તેનો કરૂ વિસ્તાર. બાઈ૦ ૧૦૦

રાગ બીજો.

સારૂ સારૂરે સુરત શેહેર, એ રાગ.

હાય હાયરે બળ્યું આ કુળ, બાપે કયાં જોયું;
મારૂ જીવતર થઈ ગયું ધુળ, બાપે કયાં જોયું.—ટેક.
નથી રૂપ રંગને નથી દ્રવ્ય સ્થીતી, નથી વિદ્યા ગુણ જ્ઞાનરે;
તેવાને કુળ જાણી દીધી, બલ્યા સગાનાં ભાન. બાપે૦ ૧
હું ગોરીને કંથ કુળવંતો, કદ્રુપ કાળો મેશરે;
હું પાતળીને પેળ પરણેલો બાદરવાની ભેંસ. બા૦ ૨
પીહેરમાં પાચે પકવાનો, પરણ્યાને ઘેર રાબરે;
ભણ્યો બુધવાર બાપ તણો હું, ગણી આપું હિસાબ. બા૦ ૩
ખાઈ પીને ફરતો ફરે પીટયો, જોઈએ ગાજે બાંગરે;
શીખામણ દેવા જાઊં સારી, તો લેઈ ઉડે ડાંગ. બા૦ ૪
સણુઆર તો સમણામાં દેખું, વસ્ત્રના વાગે વાંસરે;
નાતમાં પીટયો પટલાઈ કરે; જણાવે ઠાલી હાંસ. બા૦ ૫
મળે નહીં ઘંટીમાં બંટી, ઉપળે નહી કુસકાયરે;
ચુલામાંતો કાડી માડી, શું પગ ઘાલું માંય. બા૦ ૬
કણેકીયું કચરી ખાતાં રહે, અડધી ઉણી કુખરે;

નાત જમે ત્યાં હાળમાત દેખું, બાગ્રુ ભવની ભુખ બાપે૦ ૭
ધીના ધંટા ઘરમાં વાગે, એવું દારૂણ દુઃખરે;
નાતમા પહોળી પટરાણી થઇ એટલુ મુજને સુખ. બાપે૦ ૮
પેહેરામણીમા પીકેરીયાનાં, વાસણ આવ્યાં હોયરે,
તે ઉટકીને ઘર સોવરાવું, ગ્રહસ્થ ગણે સો કોય બાપે૦ ૯
તમાચે મહો રાતુ રાખુ, ફર થઇને ઠીકરે;
તો પણ રડયો, મેણાં મારે, બતાવે શોકયની બીક. બાપે૦ ૧૦
કુળ માટે કજોડા જુએ, વર હોય મુઢ કે બાળરે,
એવો અન્યાય જોઈ દે કન્યા, છેવટ તે છીનાળ. બાપે૦ ૧૧
ઘરડાને પણ કુળ દેખી દે, બીજી ઘર જોગ થાયરે,
એટલે મીયા ઘોરમા પોઢે, તો રાંડ વટલી જાય બા૦ ૧૨
એવુ અતી અવગુણ કરતું, કુળ કરોડો દામરે;
જોઇ જોઇ જર વરને ઘર જુએ, તે ડાહ્યાનુ કામ બાપે૦ ૧૩
બહુ રીતે રૂએ કુળવતી, કરજો સહુ તપાસરે;
કુળ ઉપર ધુળ વાળી મુકજો, કહે કવિ કાગદાસ. બાપે૦ ૧૩

મનહર છંદ.

વાચી શીખામણુ વાળો, કુળ તણો વ્હેમ ટાળો;
બાળો આ પુસ્તક તેની બીના બધે ભાખવી.
ઉંચા ઉંચા કરી કરી, સીદને જાઓ છો મરી,
જોડી જોયા વિના કન્યા, કુવામાં ન નાખવી.
આટલુ જણાવવા સારૂ ચિત પરોવ્યુ મેં સારૂ;
તેથી શેઠીયા પટેલીયા, લેમે દાજ દાખવી.
ઘણી તેહ કરવાના, ઘાંસા ખાઇ મરવાન.
પણ મીત્ર સુધરેલા તેમણે મેહેર રાખવી.

છેલી સુચના.

શેઠાઇ તથા પટેલાઇ રેહેવાનું કારણ કે નાતની સીક્ષીખ તથા વાસણો તેમના કબજામાં હોય છે અને નાતમા નોતરાના દેનાર નો- તરીયા, શેઠોના હુકમમાં હોય છે તે નોતરીઆઓને લુંટી ખાવું નાતનુ અને જસ બોલવા શેઠના જેમ કે ધાન ખાવું ધણીનું ને ગીત ગાવાં વીરાનાં, એ પણ મોટી અનીતી છે, બીજું અંત્રિમ શેઠો તથા પટેલો પોતાના જથામાં ગમે તેવી અનીતી થઇ હોય તોપણ પુછતા ગાછતા નથી અને બીજા કોઈ માણસથી જુજ અનિતિ થઇ હોય તો પણ તેની ફજેતી કે દે છે આ ઉપરથી શેઠ તથા પટેલોને સુચના આપવામાં આવે છે કે હવેથી હાવી અનીતી ન કરતા સત્ય ચાલી પેહેલો પોતાના પગ ઉપર કોહાડો મારશો તો જય થશે; નહી તો નખોદ જશે. ત્રીજુ ખાતા ખાસો. ભરતા ભરાશો, અની- તીથી નિશ્ચય મરશો; ચોથું શેઠ પટેલોનુ કેહેવુ એમ થાય છે કે સત્ય રાખીએ તો નાત ચાલે નહી પણ તે કેવળ મુરખાઈ ભરેલુ છે કારણ કે અશલના રાજાઓ સત્ય ચાલતા તો શું એમનું રાજ નોહોતું ચાલતું. પાચમુ સરવે નાતીલા ભાઇઓ સમજોરે સમજો. અને નહી સમજો તો હાલ તમને વીતે છે તેથી હશ ઘણું તમારા બાળ બચ્ચ ઓને વીતશે. વળી શેઠો તથા પટેલોનું કહેવું એમ થા- ય છે કે ગમે એટલી અમારી ફજેતી કરો તો પણ હમે છીએ તે છીએ. માટે સરવ ચેતો એજ શેઠને સલામ છે પટેલને પ્રણામ છે.

ગરબી.

(વઢવાણ શહેરના લીલાં લવીંગડાં—એ રાગ.)

આજે કળીયુગના સારારે શેઠીઆ,
ભુતડાંની પેરે ભમનારારે શેઠીઆ,

હિન જનને દમનારારે શેઠીઆ,
જઘડા કરી જમનારારે શેઠીયા. ટેક.
સોકોના દોકડા, ડુંગાવી રોકડા;
ચાંપણુના ચોકડા, ઓળખી કોકડું;
ઓકડાની પેરે બાઝનારારે શેઠીઆ,
બીજાનો બોજ ભાજનારારે શેઠીઆ,
હાતે લડે ન લાજનારારે શેઠીઆ. ૧
મોટાઇ માગીએ, નાતોને ભાગીએ;
રાત દીન જાગીએ, ઠટા ન ત્યાગીએ;
ભાવે ભમાવીએ ભોળાયે શેઠીઆ,
હિનને દેખાડીએ ડોળારે શેઠીઆ,
છાના ગગડાવીએ ગોળારે શેઠીઆ,
તોફાની કરીએ ટોળારે શેઠીઆ. ૨
મોટાઇ ખેંચીએ, દીકરીઓ વેચીએ;
રાકડાને રેંશીએ, આંખડીઓ મેચીએ;
દીકરાની લઇએ પેરામણીરે શેઠીઆ,
ખાતો વેવાઇને, વઢયા તણીરે શેઠીઆ,
તોય અમે સૌથી શિરોમણીરે શેઠીઆ,
અમારે માથે કો નહિ ધણીરે શેઠીઆ. ૩
ફરિ ફરિ પરણુનાર, એ ત્રણ કે ચારવાર;
એકઠી કરીને નાર, રઝળતી ઠાર હાર;
ફરિ ધાન લુગડાં ન આપીએ શેઠીઆ,
અન્નની પીડાએ અદાપીએરે શેઠીઆ,
હુકમ નામે હક કાપીએરે શેઠીઆ,

જખ મારી પછી ઢાંપીએરે શેઠીઆ.
અમારી દીકરી, નારિ જાય નીસરી;
વિધવા વિહરી, કરમો કુડાં કરી;
જાય તો અજાણ્યુ કરી, રાખીએરે શેઠીઆ,
નાતબાર તેને ન નાખીએરે શેઠીઆ,
બીજાની વાતો ભાંખીએરે શેઠીઆ.
ડડ દેવાની હામ રાખીએરે શેઠીઆ. ૫
નામીચા નાતમાં, જુદી જુદી જાતમાં;
પંચ પ્રખ્યાતમાં, ડાહ્યા ડાહ્યા વાતમાં;
ધનસાફ કરવા શુરારે શેઠીઆ,
લાંચો ખાવામાં પુરારે શેઠીઆ,
બોલ્યામાં બહુ બહાદુરારે શેઠીઆ,
એકે વાતે ન અધુરારે શેઠીઆ. ૬
અમારો વાંક તે, હોય કદિ કાંક તે;
તોય પણ પાકતે, રાંક નવ ટાંકતે;
ખુલ્લી રીતે ના કહી શકેરે શેઠીઆ,
બરોબરીઆને લઇએ પખેરે શેઠીઆ,
જેવો તેવો પછિના ટેકેરે શેઠીઆ,
પાદશાહની પુંઠે ભલે બકેરે શેઠીઆ. ૭
અસનાન ફુકીએ, મદિરા ન મુકીએ;
ભાંગતણી ભુકીએ, ચેતી ન ચુકીએ;
દેવતાને નામે દવ બાળીએરે શેઠીઆ,
પાવનપણામાં તોય મ્હાલીએરે શેઠીઆ,
અમે અમારાને ઝાલીએરે શેઠીઆ,

બીજાને નાંખે ટાળીઓરે શેઠીઆ. ૮
અમારી ગોરિઓ, ઉછરતી છોરીઓ;
ત્રિવાબા ઓરીઓ, વિતવાને હોરીએ.
ગાએ ફટાણા ફાવતારે શેઠીઆ,
અમારા કાનોને ભાવતારે શેઠીઆ,
તેની અમે લાજ નથી લાવતારે શેઠીઆ,
દીકરાને ડરીએ ભણાવતારે શેઠીઆ. ૯
અમારા બાળ એ, સુધરાની વાલ એ,
ઝાલી રૂમાલ એ, બહુ બની લાલ એ,
ઠમામાં ઠીક છે ઠસીલારે શેઠીઆ,
પીરસ્યામાં પુરા રસીલારે શેઠીઆ,
ઢંગે રહ્યામાં ઢીલારે શેઠીઆ,
વિદ્યા ભણવામાં વીલારે શેઠીઆ. ૧૦
ટાંણું ન માંડીએ, ટીશી ન છાડીએ;
જબરાઇ ઝાડીએ, લડવાડ હાંડીએ,
ધાનને અમારી ધાક છે રે શેઠીઆ,
એવી અમારી શાખ છે રે શેઠીઆ,
લક્ષણ અમારામાં લાખ છેરે શેઠીઆ,
અમારે તો નવ નાક છેરે શેઠીઆ. ૧૧
લોકોના શેઠીઆ, બધરીના વેઠીઆ,
પ્રપંચી પેટીઆ, ભુંગળીઆ બેઠીઆ,
નામીચા નાતમાં નામ છે રે શેઠીઆ,
એવા અમારાં કામ છેરે શેઠીઆ,
સંસારમાં સુખ ક્ષેમ છેરે શેઠીઆ,
અવળાઇનો આરામ છેરે શેઠીઆ. ૧૨

મનહર છંદ.

ફુલ્લોમાં ફુલણભાઇ, બીચોમાં બીકણ બાઈ;
ખાઇ ખાઈ ખોયું સુરાતન તમે આપનુ
જમણો જમ્યાને લોભે, સત્ય મર્વ મુકયું મોભે;
અધર્મિને સંગ વસી, ભરયુ પેટ પાપનું,
વણ શેઠે શેઠ તણી, વેઠ કરી પેટ ભરી,
ડરી નરી ગયા ભાન્ય, આપો છો શા માફનું;
કે' બ્રા. વ. સુ. હાથ ધસુ, ધસુ સુધારવા સાર;
રણ કાઢયું નાતીબ્રા શું શેઠીયાના આપનું.

છપ્પો.

ટળો નાતનો શેઠ જેર ઝાઝુ જે રાખે,
ટળો નાતનો શેઠ, સહુ શીર આળો નાખે;
ટળો નાતનો શેઠ, રાંકને દાબી મારે;
ટળો નાતનો શેઠ, હરામી હરવું ધારે,
ટળોને શેઠ પટેલીઆ, ઢોંગે ધુતીઃ ખાય છે;
દીકરી દીવો રહે નહી, જડામુળથી જાય છે.

છપ્પો.

શેઠ નાતનો જેહ, દેહ, તે ચડાળ સરખો;
જોઇ શાસ્ત્ર પુરાણ, પાપીને પડીત પરખો,
શત્રુ ન કોનો થાય, થઈ વ્હાલો વેર વાળે;
સ્નેહ કરી દે છેવ, જીવ, બહુ જનનાં બાળે;
શેઠ પટેલ બની આપથી, પક્ષપાતી વિધા ભણ્યો;
તેહવા શેઠને જાણવો, ગદ્દીએ ગદ્ધા જણ્યો.

ॐ तत्सत् परमात्मने नमः श्री विश्व ब्रह्माय नमो नमः

રાજકોટ મિત્રમંડળ તરફથી

પંચાલ જ્ઞાતિને ચેતવણી.

" ઇશ્વરો સ્તુતિ. "

ॐ તત્‌સત્ પરમાત્મા, આપ દયાના સાગર થઇ-સમદર્શી છો, જ્ઞાનના ભંડાર રહી-પરમોદાર છો, સ્વયં પ્રકાસમાન્ થઇ- અન્તર્યામિ છો, સર્વ શક્તિમાન છતા-નિબંધ છો, સર્વ વ્યાપક તથા નિત્ય-અચિન્ત્ય છો, અને જગદાધાર હોઇને પણ-અગમ્ય છો, અમો મનુષ્ય જાતિમા કોહોની સામર્થ્ય છે. કે-આપની મહીમાની વાર પાર જઇ શકીએ, નહિં. નહિં. કેવળ તેને જાણી પણ શકીએ, કોઇ સમય તેને જાણવા અથવા તો જાણી કરીને તેનુ મનન કરવા. કીન્ચીત ઉત્તકંઠા થતાજ, અમારૂં અભિમાન પુર્ણ હૃદય. અમારા અવિચાર યુક્ત, ચંચલ ચિત્ત, તથા અમારૂં સ્વાર્થ મન, એવાં કામ ક્રોધાદિ અનેક વિકાર પ્રતિવધિત અમારી સમસ્ત ઇંદ્રીઓ, જીજ્ઞાસુ ઉત્તકંઠાને કુઠીત કરી સદૈવ મોહાન્ધકારમાંજ પ્રસુપ્ત રાખે છે, કોઇ વર્ષ માસ દીવસ પ્રહર ઘડી પલ નથી કે આપના અવણુનિય, ગુણોના ચિતંત. આપના અનુપમ જ્ઞાન પ્રકાસનાં દર્શન, એવાં, તમારી ભવ નાશક વેદ વિધામૃત પ્રવાહનાં કર્ણેંદ્રિય દ્વારા પાન કરી શકીએ, યધાપિ આ સંસારની ઉત્તપતિ, સ્થિતી, લય. કારક કેવળ ઇશ્વરીય માયા છે, તથાપિ તેની કઠીન યાતનાંથી સહજ હીમાં ઉદ્ધાર થવાનો ઉપાય કેવળ

આપનાં ગુણાનુંવાદ, અગર એમ કહીએ તો આપનાં સદુપદેશો દર્શાવનારા મહાશયો માત્રજ છે,

ત્યારે સમારીક અનેક બંધનો તથા વિકારોથી છુટવા ફક્ત આપનું સત્યજ્ઞાન સુક્ષ્મ દ્રષ્ટિથી પ્રતિત થાએ છે? હા. આ અવસ્ય છે કે-અમારામા ભક્તિની અપુર્ણતા, શ્રદ્ધાની અયોગ્યતા, બુદ્ધિની મંદતા, અને કર્તવ્યતાની અનિષ્ટતા સદા વિદ્યમાન છે, તો પણ આપની અસીમ ઉદારતાને સર્ગિક દયાળુતા તેમજ પ્રાણી માત્રપર, વત્સલતાની કમી નથી તો તેમ જાણી આપથી નમ્રતા પુર્વક પ્રાર્થના સ્તુતિ યાંચકરીએ છીએ કે જેથી અમારા સર્વત્ર જ્ઞાતિજન સમુહોનું. કલ્યાણ તથા ઉદ્ધાર કરો,

હે જગત નિયતાપ્રભુ અમારા સર્વત્ર જ્ઞતિ ભાઇઓનું તથા સમસ્ત જીવ ધારીઓ પ્રાણી માત્રોનાં અંતઃકરણોમાં આપનું નિર્મળ સત્ય જ્ઞનનું પ્રકાશ કરો. બુદ્ધિનું પ્રસાર કરો વિદ્યાનું પ્રચાર કરો મનન શક્તિનું સંચાર કરો, અજ્ઞતાનું નાશ કરો, સર્વજ્ઞતાનો વાસ કરો, કર્તવ્યતાનું ભાષ કરો, દ્વેષતાનું રહાસ કરો, લક્ષ્મી સહિત રિદ્ધી સિદ્ધીઓને વિલાસ કરો, મલીનતાનો અભાસ કરો, અને અમારી દરીદ્રતાનો વિનાશ કરો, એટલુંજ નહિ. પરતું અમારા જ્ઞાતિ બંધુઓની એકયતા ખાસ કરો,

જેથી સૃષ્ટિના સર્વ કાર્ય આ લોક પરલોક સુધરી. આપ પ્રભુના કૃપા પાત્ર થવા બલીષ્ટ થઇએ, તેમજ સુવિચાર યુક્ત આપના મહીમાને પુર્ણતા જાણી. અહરનિશ આપનાં ગુણ ગાન કરી તથા પવિત્ર વિદ્યા. સંપાદન કરી, સદોપદેશોનાં મનન દ્વારા આ ક્ષણ ભંગુર, અસાર સંસારનાં ભવ વારીધિથી, પાર થઇ સાક્ષાત પરિબ્રહ્મ પરમાત્માની શુભમ શરણની પ્રાપ્તીથી મુક્તનાં ભાગી થઇએ.

હે, જગત પાલક વિશ્વ બ્રહ્મ પ્રભુ, પંચાલો કુલો. સમસ્ત જ્ઞાતિ બંધુઓનો સદા વિજય કરો એજ નિરંતર વંદનાં છે"

ૐ શાન્તી. શાન્તી. શાન્તી.

ૐ

નમ્ર અરજ.

અમારા, મુગટમણીરૂપે અત્રે બીરાજેલા. તેમજ સમસ્ત સભાપદો તથા સર્વત્ર જ્ઞાતિ જનો પ્રત્યે યુગલ હસ્ત જોડી નમ્રતા પુર્વક સમય લાભ જાણી સાધારણ એ બોલોનાં ઉચ્ચારણ કરવા, તેની સાથે અમારાં કાઠીયાવાડનાં જ્ઞાતિઓ તરફથી નમન કરીને વિનતી કરવા ઉત્તકઠા થઇ છે તો કૃપાયા તે વિષયપર શાન્ત લક્ષ આપિ (માહરા અયોગ્ય તથા અપભ્રશ) શબ્દોપર અન્ય શંકાશીલ ન થતા, આ કીંકરપર દયા, દ્વારા. માહરાપર થતી દોષ દ્રષ્ટી જાણી આ સેવકને મુક્ત કરવા, તેની સાથે ગુણાં વ ગુંણ પરીત્યાગ કરી આચરણ રજ. સદાને લીધે ક્ષમાને પાત્ર છે. કારણ આ સેવક કોઇ તેવા વીદ્વાન તેમજ પંડીત તથા કોવીદ નથી. તેમજ જાણી આ સર્વેઓનો દાસ, પોતાના પુજ્ય બાતૃગણો સમક્ષ ઘણીજ વિનવણીની સાથે સાષ્ટાંગ સહિત માફી ચાહે છે આશા છે કે અવશ્ય હું દયા પાત્ર થઇ ચુકયો છું— અસ્તુ.

ગઝલ.

ઠંડી આલહેકી વાયુની—તર્જ.

આનંદ માંનુ આજે, જ્ઞાતિ હીત દરશાએ,
જ્ઞાતિ જનોને જોઇ, દીલ માહરૂં હરખાએ.

એકયતાને ટેકતાથી, શાન્તી છવારાએ;
ધારા સુધારા ધારવા, યુક્તિ આદરાએ.
સંપેથી સુખ પ્રેમ પરસ્પર, આવિ ઉભરાએ,
અનાથોને સનાથ કરેથી, કિર્તીપથરાએ
નિજ જાત વિધવાત્રા સતે, કેમ જોવાએ;
સંકટ સમય સહેવું પડે, તો સહજે રોવાએ.
ભ્રાતા જુઓ જુઓ અનાથાઓ, હાય કયાંથી શું ખાએ;
આ અવનિમાં આશ્રમો, ખોલો તો શુ થાએ

ધન્યવાદની સાથે પુર્ણ આભાર માનીએ છીએ કે. અમારા સુજ્ઞ શ્રેષ્ટ અગ્રેસરો તથા જ્ઞાતિ ગૃહસ્થોનાં અંતઃકરણોમા કે જ્ઞાતિ દશાપર પુરો લક્ષ, નિર્પક્ષ. વૃતિ ધારણ કરી શ્રેય કરવા, નિશ્ચયતાનો પ્રતિબંધ પ્રકાશી રહ્યો છે, તે પ્રત્યક્ષ છે, કેમકે (હાથનાં કંકણ ને આરસીની જરૂર નથી) અમારા મહાન્ મહાશયો, પરમાર્થ પરાયણે થઇ કૃતાર્થ કરવા કમર કસી. ધર્મ કર્મ અહાર વહેવારાદી. વિષયોને ઉચ્ચ શ્રેણીપર પહોચાડી. તે ઉપગંત જ્ઞાતિ ઉન્નતિ કેમ થાએ અને પ્રતિદીન સુખીની સાથે સદા ચગણ આ ચરણ પર કેમ સ્થીત થાએ. એટલુંજ નહિં પણ આ અપાર સંસારનાં લઘુ-દીર્ઘ કારોબાર સરલતાથી સહજમાં કેમ નિભાવી શકે. તેમ જાણી અમારા મુખ્ય મહાનુભાવો, તેવા પ્રયાસો જારી. રાખી જ્ઞાતિજનોનાં અન.કરણોમાં ઉમદા પ્રભાવો જમાવવા મથી રહ્યા છે, અને અધિકાધીક પરીશ્રમો દ્વારા કિર્તીના ભારાઓ બાંધી સર્વોશ્રેષ્ટ જાતિમાં ગણનાની સાથે હાથો હાથે પકાવવા પ્રયત્નો પ્રસરાવી રહ્યાં છે. દ્રષ્ટી પમારી જોતાં દેશ વિદેશોમાં સહ્રુઉપદેશોમાં. જહાં તહાં હીરા સદ્રસ ચમકતા

અમારા જ્ઞાતિ ભ્રાતાઓ દ્રષ્ટી ગોચર થઈ રહ્યા છે, અને તેઓ પોતાનું જનગણુ કર્તવ્ય શું છે તે પર પુરો ખ્યાલ રાખી. પરોપકારી આજ્ઞાકારી થઇ ન્યાતનું સાર્થક કરવા મચી રહ્યા છે, કારણુ આપણી જ્ઞાતીઓનાં અંતરમાં ખોટી પુરાંની અંધોગતિ રસમો નિર્મુલ કરવા ચોખ્ખાં ફુલ કરવા ઉચ્ચ કુલ કરવા અમારા જ્ઞાતિ ભક્ત શુરાઓ નિતી રૂપી ખડુગ ધારણુ કરી, કુરૂતીઓનાં સમુહોને નાશ કરવા સત્ય ભાષ કરવા રચી પચી રહ્યા છે, અને પહેલે દરજ્જે પોતાનો આગળ પગ વધારી સામેપુર અખંડ કિર્તી સંપાદન કરવા ઝુકી રહ્યા છે, તેનો ઠીક પરંતુ એટલા જોસથી વીરનરો દીપી રહ્યા છે કે; તેઓ પછાત પડવામાં પાછી પાંની ભરવામાં કાયરતા વહોરી લેવામાં પોતાનુ નિજ કર્તવ્ય ખોવામાં તુચ્છતા માની અડગપણે દીગવિજય મેળવવા નિશ્ચયતા કરેલી છે,

અને બાહોશ પધતિપર સ્થીત થઈ સત્યતા અને ધર્મની સાથે નિતી સું વસ્તુ છે અને અમો કોણુ છીએ તેનો ખરે ખરો પ્રાગટ્ય કરવા મચી રહ્યા છે. તદન્તર, તેઓ હિંમતો હીંમતમાં ઝુઝી, પચાસો વિજય વાવટો રોપી અને તેવા જીત મેળવનારા જ્ઞાતિઓનાં પ્યારા, પુર્ષોનાં અમર નામ સદા સર્વદા. કાયમ રહી સુસપ રૂપી ધ્વજા ફરકાવવા કટીબંધ થઇ ચુકયા છે તેથી અમારા મહાન અગ્રેસરો તેવા લક્ષવાન સજ્જનોને એકવાર નહિં પણુ લાખો કીન્તું કોટીશ ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે,, તેવીજ રીતે આપણાં સર્વત્ર ભાઇઓને પણુ વિનવણી કરવામાં આવે છે કે આવા સુયસી કાર્યો કરી જ્ઞાતિ સેવાની ફરજો અદા કરવા તત્પર થવું. તથા જ્ઞાતીઓનું ભલું કરવા ચિંતન કરવું, તેજ પ્રમાન કોઇ કાંઇ અત્યુતમ પદાર્થ આ વિશ્વમાં જોવામાં આવતું નથી. તો આશા છે કે વે પદપર આરૂઢ

થવા વિનંતી છે, અમારા જ્ઞાતિ વિખ્યાત વીરનરોને પ્રભુ વિશ્વ બ્રહ્માંડ સદા અંતરીક્ષથી. સર્વદા સાહતા કરો. એવિ અહરનિશ વંદના છે અને એવા શુભ પ્રયાસોવડે ખસુમ કરી. અમારા કાઠીયાવાડ તરફ ખરેખરી પ્રેમ દ્રષ્ટીથી આકર્ષણ કરવાની હવે ખાસ જરૂર છે. અને તેઓ બણે ભાગે પંચાલો પધતિપર આરૂઢ થવા લાગણી ધરાવે છે તો તેમ જાણી કૃપાયા કચ્છ કાઠીયાવાડ બાજુ પણ અવશ્ય અપ્રીત દ્રષ્ટી થવા નમૃ અરજ સ્વીકારવા આશા છે.

હાલનો સમગ્ર કાલ એવો સખ્ત પ્રબળતાથી આપણાં સર્વ શીરોમણી દેશપર શાસન કરી રહ્યો છે કે તેની ફીક ઝાલવી મહાન્ દુસ્તર છે, અને તેનો સપાટો એવો તીક્ષણ છે કે તેની કઠોરતાનાં પ્રભાવેજ કરી પોતાનું તથા પોતનાં કુટંબનું તેમજ સગા સહોદર સ્હુવર્તમાન પુત્ર પરીવારો આદી. પાછળી પ્રજાનું તથા વીધવાઓ, તેમજ સસારીક વહેવારીક વીગેરે તમામ વાતોથી તારાજ થઇ, સુધ્ધાં ભરણ પોષણ કેમ ચલાવવું. તેવી આ શંકાઓમાં ગીરફતાર થઇ. નીરાધાર થઇ, મહાન્ વિપત્તીનું સ્થાન બની રહ્યું છે.

તે વિપતીનું ખરૂં રહષ્ય મનોમય વિચાર દ્વારા પ્રત્યક્ષ પ્રગટ કરતાં પ્રતિભાષ થાએ છે. કે. સર્વત્ર દુઃખનું મુળ મોટાં મહોટાં ખોટાં જમવા જમાડવાના ભોભા અને તેથી અધિક કુસંપના પાયા ઉંડા મુળ ઘાલી. પોતાનું સ્થાન જમાવી દીધું છે, અને એટલું કરતાં પણ અસંતોષ રહી ઇર્ષા સમીક્ષન વ્યર્થ અણઘટતાં પરીશ્રમો કરવાની સાથે પાપોનાં પોટલા ગુપ્ત રીતીથી. ખાસ અનિતીથી કબુલ કરી. અપકિર્તી મેળવવા તદાકાર થઇ રહ્યા છે, અપશોસ ઘણીજ શોક જનક વાત છે દયાંળુ પ્રભુ સુમતિ આપો તેવાંજ કઠીન કરાલ કાર્યો નાં પ્રભાવેજ કરી. ખાસ દરજે વાત આવી રહી છે તેથી પણ સા-

ન્ત ન રહેતાં અનિતીઓનાં દબાણથી બેહાલ થઇ દુર્બલ સ્થીતિ તથા રાંક પણું હાથે કરી. વહોરી—કરજો તથા રૂણોનાં ભયંકર પંજામાં ફસી બુદ્ધિ ખસી નિર્મલ શક્તિને ક્ષય કરી. દેશ વિદેશો વિષે તીતર વીતર થયેલા જહા તહાં વિધમાન થઇ રહ્યાં છે, અને અધમ દશાના આવેશથી અધોગતી. દુર્ગતી બની રહી છે કે જોઇએ છીએ તો ઘેરમાં એક વખ્તનું છે કે કેમ તેનો ભેદ સર્વેશ્વર અંતર્યામિ જાણે છે.

આવા અસહ્ય દુ:ખમય સંકલ્પ વિકલ્પોના તરંગની લહેરોમાં હાલક હોરા થઈ. નિસ્તેજ થઈ લાચાર—પોતાનો લાંબો હાથ કહોની પાસે કરવો. તેવા વિચારોમાં છેવટે ઉંડા નિશાસો નાખી પોતાનો ગુપ્ત ભેદ ખુલ્લો ન કરતા અપસોસીની સાથે પોતાની વેચાઇ ગયેલી બુદ્ધિ ખોઇ અન્તે રોઈ આ અપાદ ગહેરા ભવ સમુદ્રમા ગોથા મારી મારી. પોતાની જીદગાની વ્યય કરી અને પોતે તથા પોતીકા વંશવારસોના અન્ત આણે છે, અને ચિતા ચીંતા અને ચિંતા સિવાએ બીજો કોઇ પણ પદાર્થ પ્રતિ થતો નથી, એટલુંજ નહીં પણ ચિંતાની પ્રબળ અગ્નિના મધમાં પોતાનાં શરીરની આહુતિ આપી. ગુપ્ત ચીસ પાડી અસહ્ય વિટમ્બણા સહન કરી. ચિતારૂપા ભયાનક જવાળા વિષે યા હોમ કરી પોતાનું પ્યારૂ શરીર અર્પણ કરી. ભસ્મ કરી. આ નાશ માન સૃષ્ટિનો પરી ત્યાગ કરી પામર જીવ ચાલતો એ છે, તેથી માહરા સુજ્ઞ પુર્ષો તે ચિંતાથી નિવૃત અને આનંદમા પ્રવૃત કરવા વિનતી છે,

અહો પ્રભુ—કાલ ચક્ર વિલક્ષણ છે. તેની ગતિ અકઠીન છે જે. અમારો સર્વોપરી દેશ કોઇ સમયમાં લક્ષ્મીમાં—કુબેરની સંપત્તાને તુચ્છ કરતાં, ધર્મમા ધર્મધુરીણ, મનુષ્યોનાં કર્મો સ્વર્ગીય દે-

ત્તાઓનાં કર્મોને મદ કરતાં, વિદ્યામાં વિદ્યાધરોનાં ગુરૂ, શીલ્પમાં સંસારનાં સમસ્ત શીલ્પકારો તથા કારીગરોને ચકીત કરવાવાલા, સંભ્યતામાં સંપુર્ણ વિશ્વને ઉપદેશ, ગાનમાં ગંધર્વોને પરાસ્ત કરતા, શાસ્ત્રમાં ત્રીલોક વિજયી તત્વવેત્તામા ત્રીકાલદ્રી, અને આત્મજ્ઞાનમાં મહાન્ પદ્દતિવાલા, શોભી રહ્યા હતાં, તેને તેજ દેશ, હાલ અવલોકન કરતાં જુદીજ. રચના પ્રતિત થઇ રહી છે અને દ્રષ્ટી પસારી જોઇએ છીએ તો બરમના શિવાય અન્ય ભેદ પ્રતીત થતો નથી.

વાહ દેશ—આ તાહરી અધોગતિ આવિ પ્હોંચી થઇ રહી છે, ધનને હટાવી દરીદ્રતા એ અધિકાર જમાવ્યો, અધર્મના આક્રમણથી સ્વધર્મનો લોપ થઈ ગયો છે, જંનગણ કર્તવ્ય કર્મ ભુલી આળસને ઉદાશીનતાએ ઘેરી લીધી છે, વિદ્યાનાં પ્રકાસને નાશ કરી અવિદ્યારૂપી પુર્ણ અંધકાર છાહી રહ્યો છે, શિલ્પ હુન્નર દુર્ભાગ્યની શીક્ષા તળે દબાઇ અસ્થ વ્યસ્થ થઇ રહ્યા છે, સભ્યતાના—અસભ્યતાના નિજ પગ તોડી નાખ્યા છે, પરોપકારે કાયરતાને અભિમંત્રીત કરી પરાધિનતાની બેડી પગમાં જકડી દીધી છે, સુદ્ધ નિર્મલ જ્ઞાનને અજ્ઞાને પોતાની કરડી નજર કરી. ડોક મરડી નાખી છે, અને આત્મ જ્ઞાન પ્રાપ્ત કરવા બરલ દુર્વ્યસન દ્વારા માહક પદાર્થ વીગેરે. મદ્ય માઉસ, આદી ધૃણીત વસ્તુઓનો અહરનિશ સેવન કરી મોક્ષ રૂપી સીઢીના કડા તોડી નાખ્યા છે,

અભિમાન્, મોહ, લોભાદીમા પડી પરમાર્થ કર્તવ્યને ચુર-ચુર કરી ધુળમા મેળવી દીધાં છે, ઇત્યાદિદી શુ કહીએ રોમાંચ ઉભાં થાએ છે, હાય હાય અમારા દેશની આ હાલત શોક શીવાય કાંઇપણ નજરે પડતું નથી. તમારૂ ખરેખરૂં પ્રાચન સ્વરૂપ છે કે બદલાઇજ ગયુ. (સમય કાળ ભગવાન) તારી બલીહારી છે. સમસ્ત વાતો તમે

ઉલટ પલટ કરી નાખી એટલુંજ નહી પણ મુક્ત કાલની કુટીલ નિતીનાં કારણે અમારા સર્વ ગુંણ સંપન્ન સર્વત્ર કારીગરોના સદગુરૂ જેવાંકે લોહાર ઉમનામથી સુપ્રસિદ્ધ છે. અને જે ચાલુ જમાનામાં દેવ તણુખી તરીકે માનંદી છે તેવાં જગત્ વિખ્યાત જ્ઞાતીની સ્થીતી જોતાં દીલગીર થવું પડે છે. કેમકે એવી ઉગ્ર અધમ દશાનું ભાન થાય છે કે કુ વહેવારોમા સમીલન થઇ વરા ખરાનાં મહોટા ખરચોનાં ખાડામાં ધસાઇ પડી અન્તમાં અમારા પુર્વજો અત્યાર સુધી પી પળેથી નીચે આવી શકતાં નથી, ઘણીજ અપસોસીની વાત છે આવિ આરી આયુષ્ય મર્દનીની ખોટી રમમો અને લોકલાજની બીતમા ભટકાવું તે ઠીક માની અને હાનનાં સમય સુચકતા થવા તથા સુધારો કરવામાં મહાન્ દોષ માને છે ધન્ય છે તેવા મહાશયોને. અરે અમા । તેવા ગાનવતાઓ. આપ શ્રીમાન્તે જ્ઞાતિનું ભલું કરવું તેજ મુખ્ય ધર્મ માનવો ઘટે છે પણ તેઓ શું કરે. તેમને અસાધ્ય રોગો ઘર કરી ગયાં હોએ. તે વિચારવાન વૈદોની સંમતીજો ગૃહણુ કરે અને ચુસ્ત પ્રતિજ્ઞા રૂપી ખાસ ઔષધી જારી રાખે તેની સાથે એકગ્રતા રૂપી (પથ્ય) પાળે તોજ રફતે રફતે થોડાજ અરશામાં સુ સંપ રૂપી આરોગ્યતા હાંસલ કરી સમાન ભાવ રૂપી શાન્તી થવા વાર લાગે નહી. અને તેમજ થાએ ત્યારેજ દે દીપ્યમાન થઇ જગ જાહેર અખડ નામો શોભવા લાગે. પરંતુ તેવા ભાગ્ય ક્યાંથી લેવા જાએ. અમારા કાઠીયાવાડ આદી દેશોંમાં (કન્યા વિક્રય)નો ચાલ ગુપ્ત વા પ્રગટ પ્રચલીત થઇ રહ્યો છે. તેને અટકાવતાં અત્યંત પરીશ્રમ વેઠી સુધારો કરવા મશગુલ છીએ. પરંતુ હાલનાં શહો માનંદી કરે તેવું સંભવતું નથી છતાં (ચાર ચાર ગાઉ ચાલતાં ગાંમો પંથ કપાએ) તે કહેવત પર આધાર રાખી. આશા રાખી શ-

કીએ છીએ કે અલગતે પાછળની નવિંન પ્રજા અમારા અભિપ્રાયને અવસ્ય આશ્રય આપશે. છતાં ચાલુ દાખલો રજુ કરવા. રજા લઉં છુ. અમારા દેશોમાં નીચમાં નિચ જાતિ ઢેડની માનીએ છીએ પ- રંતુ અમારા કરતા ઉચા જોવામાં આવે છે કારણ પ્રતક્ષમા તેને ઢેઢ કહી હાંક મારીએ છીએ ત્યારે તે લોકો, આપણાં ઉપર ખુબ રૂષ્ટ થાએ છે અને ક્રુર કટાક્ષ દ્વારા તરત ઉત્તર આપે છે કે અમો ઢેડ નથી બલકે મેઘવાળ છીએ. ત્યારે તેને ઢેડ અને મેઘવાળનું ભીન્ન ભીન્ન પણું સમજાવવા ફરજ પાડીએ છીએ ત્યારે વિના સં કોચે સમાધાન કરવા ત્યાર થઇ કહે છે કે જે માણસ અમારી જ્ઞા- તીની વીશે. (દીકરીનો પૈસો લે છે) અગર તો કન્યા વેચે છે તેંજ ઢેડની પંગતીમાં છે. અમો મેઘવાળ ભુલથી પણ કન્યાનો પૈસો લેવો તો એક તરફ રહ્યો પરતુ તેમના ઘરનું પાણી પણ ગૃહણ ક- રવામાં મહાન દોષ માનીએ છીએ.

વાહરે વાહ શાબાશ તમારી ચુસ્ત સમજને માટે ભાઇઓ આવા નિચ લોકો પણ કન્યાદાન આપી શકે છે અને અમોતો કન્યાવાણ વાળીએ છીએ માટે હે કૃપાળુ પ્રભુ અમારાં તેવાં જ્ઞાતીભાઇ ક્યારે સમજશે.

ઇશ્વર સુમતિ આપો તેમ જાણી પચાલો મારતંડ તથા પં- ચાલો દીવાકર. પ્રત્યે નમ્રભાવ વડે કહેવા ધારીએ છીએ કે અમારા કાઠીયાવાડ ઉપર પુર પ્રેમની લાગણી પ્રગટ કરી આ કામ ફરજી- યાત તરીકે ધારી, (કન્યા વિક્રય નિષીદ્ધનાં લેખો આપી તેવા દોષીત કાર્યોથી વંચ્ચીત કરી નીચ નારકી કામોથી બચાવવા યત્ન કરતાં રહી. અમારા ઉપર મહાન અનુગ્રહ કરતાં રહેશો તો અહો ભાગી થઇશું.

અન્ય જ્ઞાતીઓમા પણ ઘણોજ સુધારો થઇ ચુક્યો છે જેવાં

કે કપોળ વાણીઆઓ તથા લોહાણાઓ તેમજ પંચાલો પણ આ લોક પરલોક ઉભયની સુધારણા કરી ચુકયા છે પછાતમાં ફક્ત અમારીજ કાઠીયાવાડીજ લોહાર કોમજ બાકી છે ગુજરાતનાં ગુંસાઇઓ તથા મધ્ય પ્રદેશોનાં અહીરો તથા મોચીઓ તેમજ ખાસ રાજકોટનાં ભીલ જાતીઓ પણ નાતનાં સુધારા ધોરણમાં પ્રવૃત્ત થઇ પોતાની ગ્નાતી સેવા બજાવી રહ્યાં છે.

ઉપરાંત કપોલ, લુહાણા તથા પંચાલોના અગ્રેસરો તથા મહાન સદ્‌ગૃહસ્થોને ધન્યવાદ આપીએ છીએ તેઓએ પોતપોતીકી ગ્નાતીયોના કલ્યાણ અર્થે અવતારી પુરૂષોની ગણનામાં દાખલ થઇ ચુકયા છે.

ધન્યવાદ ઘટે છે તેમની જાહોજલાલીને તથા નિર્પક્ષ પરોપકારીને તથા સમજ તથા હિંમતને અને અહર્નિશ ધર્મિષ્ટ કાર્યોના ઝંડા રોપી સદ્‌સુયશી કીર્તિ ચમકાવી રહ્યાં છે અને પોતાનું તન, મન, ધન અને વચન તથા શ્રદ્ધાથી યથાયોગ્ય દ્રવ્ય અર્પણ કરી કૃતાર્થ માની અલાનદ પ્રમાનંદ પ્રાપ્ત કરી રહ્યા છે, આવા વીરનરોના પુણ્યકારી નામ સાંભળી આપણી કર્ણેંદ્રિયને પવિત્ર કરવા જીગ્નાસુ થઇ રહી છે અને તેવા વિરરત્નોનાં નિર્મલ પવિત્ર નામ સાભળી ખરેખર ખુશ થઇ તેમના હકમા સમસ્તો મળી. આશીશો આપવી ઘટે છે.

હવે આપણી સર્વાનુમતે શ્રેષ્ટ પંચાલ ગ્નાતીની ઓર ઝુકીને જોવાથી સુર્ય સમાન પોતાના પવિત્ર કિરણો પસરાવનાર પહેલે દરજ્જે આપણા મુગટમણી કે જેને પંચાલો માર્તંડની પદ્દી આપવામાં કશો પણ શક નથી. તેના ધર્મવીર અવતારી સાક્ષાત્ મહાન મહારાજ શ્રી શીલ્પાચાર્ય પંચાલ નાગેશ્વરજી પિતામ્બરજી શર્માના

નામથી અત્રે મધ્ય સભા વચ્ચે શાન્ત સરલ ધાર્મિક વિચારોનાં સ્વાભાવિક ગુણો ધારણ કરી નિર્મલ તેજોમય સ્વરૂપથી બીરાજી ર- હેલા છે. તેમને ઘણુંજ માન્યથી સાષ્ટાંગ કરૂં છું આશા છે કે મા- રા તરફ પોતાની અમૃતદષ્ટિ ફર્શાવિ શાન્તીપ્રદાન કરી મને ઉપકારની સાથે અહોભાગી બનાવશે.

બીજે દરજ્જે પંચાલો કુળદીપક તેવાજ સ્વરૂપાકાર મહાન્ સુયશી અને હાતમ જેવાં પરોપકારી સાથે પુર મહોટી સખાવતી તરીકે દેદીપ્યમાન હીરા સદસ પ્રકાશવાન અગ્રેસર પંચાલોના માન- વંતા વિખ્યાત ધર્મમુર્તિ મી. હરીચંદ્ર મંછારામ તીજોરીવાળા તેમને પણ અમો ખરા દિલથી ધન્યવાદ આપવા બીલકુલ ચુકશું નહી. તેઓ પોતાનું અમ્મર નામ રાખી પંચાલો શુદ્ધ જ્ઞાતીને ટેકો આપી આભારી કર્યા છે તેથી અમો સર્વત્ર મળી આશિર્વચન આપીએ છીએ કે સદા સર્વદા જ્ઞાતિપયોગી કાર્યો કરતાં રહો અને આપની પ્રજાવધીને ચીરંજીવ રહો.

ત્રીજે દરજ્જે અમારા માનવંતા પંચાલોના માનનિય પરોપકારી સુશીલ જ્ઞાતિ હિતમાં સદા તત્પર રહેનાર અને સરઢવ પંચાલ પે- ઢીને કાયમ કરી પોતાની ખરી ફરજ બજાવનાર નામ તેવા ગુણ ધારણ કરનાર પંચાલ મંગલભાઇ જયચંદ્રને પણ કોટીશ ધન્યવાદ આપી તેમને નમન કરવા ઇચ્છા રાખું છું તો આશા છે કે તે મંગલમુર્તી પોતાનો માંગલિક પ્રભાવ આ કીંકરપર વર્ષાવી તૃપ્ત કરવાં સવિનય છે.

ચોથે દરજ્જે તેવા તેવા મુખ્ય મહાશયો પ્રત્યે પણ નમસ્કાર કરી તૃપ્ત થાઉં છું કે જેથી કરી પોતાની નિર્મલ દષ્ટિદ્વારા આ શે-

વકને તૃપ્ત કરસે.

પાંચમે દરજ સમસ્ત કુલહોમ મહારા મુગટમણી શિરછત્રો પંચાલ ભાતૃગણોને દંડાયમાન થઇ આભાર માનું છું કે આવી આવી ઉત્તમ પરિષદો સમય સમયપર ભરી જ્ઞાતીઓના ઉપકારી થવા આ શેવક વિનતિ કરે છે આશા છે કે સમસ્ત જ્ઞાતીજનો પોતાની કૃપા કટાક્ષ માહરાપર કરી મારી જીંદગાની સફલ કરશો.

સમસ્ત સભા પ્રત્યે એક બાકી રહી ગયેલી વીનવણી કરવા રજા લઉ છું કે, અમદાવાદ સમાન ચીરસ્થાઇ કાર્યો એક તાર સંબંધ જોડી જેવા કે સ્થળે સ્થળે બોર્ડીંગો, પાઠશાળાઓ, ભોજનગૃહો, ઉંપરાત જ્ઞાતિઓના નિરાધાર અર્થે અનાથાશ્રમો બાંધવા અને હુન્નરશાળાઓ સ્થાપવા કોશીષો થવી ઘટે છે.

માહરા પ્યારા જ્ઞાતિ જનો આ ફીકર એમ કહેવા ધારતો નથી કે. આપની કઠીન પરીશ્રમ દ્વારા મેળવેલી સમૃદ્ધિ લુંટાવા બાવાબની ખાખ ભુસી માયાને કાયાને તારાજ કરી નાખો.

નહીં નહી. એમ લેશ પણ સમજવાનુ નથી પરંતુ પોતાનાં કુટંબઆદી વિચાર કરી અને નિતીથી લાલન પાલન કરી. તેમજ જમણોના બોજા ઓછાં કરી. ગજાનુંસાર જ્ઞાતિહીતમાં બાકીની યોગ્ય બચેલી રકમનું જ્ઞાતી સેવા બજાવવાનાં સંકલ્પો સદા મનમાં થવા જોઈએ આમ માહરૂ કહેવું છે કારણ તોજ સદર કાર્ય ઉલટ ભેર પરમ પુષ્ટ થઇ ઉન્નતિના કાર્યોમાં ચોક્કસ બલિષ્ટ થવા સભવ છે.

જ્યારે સુભ સાત્વીક રસ્તાઓ નદીનાં અતુટ પ્રવાહ રૂપે સદા તેવાને તેવો વેગ સુ સપથી જારી રહેશે. ત્યારેજ આપણી જ્ઞાતી સં-

મુહની ઉદાશીનતાંને નેવે મુકવા જલદી તક સહેજ હાથ લાગસે જ્યારે આમ થશે ત્યારે દરીદ્રતા પોતાનુ જુંનું સ્થાન મુકવા વિશેષ ત્યારી કરશે.

માહરા વિવેકી સજ્જનો આ દાસ આમ કહેવા બિલકુલ ખુશી નથી. કે મલીન વસ્ત્રો ધારણુ કરો, વહેવાર ન ચલાવવો, નબળો અહાર કરો. પોતાની મેળવેલ લક્ષ્મીનો ભોગવરો ન કરો, ના ના તેમ કહેવાથી હું તદ્દત વિરૂદ્ધ છુ, પરતુ સત્યતાથી નિતી રીતીની રાહપર ચાલી, અર્થાત હક રોજીથી પોતાનાં પ્રારબ્ધ ગોગે જે ફલીભુત થાએ તેમાં સંતોષ માની પોતાના કુટંબ સહવર્ત માનનુ ભરણુ પોષણુ કરી, તે ઉપરાત જે વધારાની સમૃદ્ધિ પડતર રહેલ, તે માહરી છે એવી ખોટી બુદ્ધિ ન કરતાં પોતાના ગરીબ જ્ઞાતિ બધુઓ, તેમજ ગરીબ બાલકો તથા દુઃખી વીધવા સ્ત્રીઓ અનાથોના ભાગ સમજી તેની યોગ્ય વ્યવસ્થાએ ખરચ કરવા શૂરા બની છાતી ઠોકી સ્વચ્છ અતઃકરણથી યશ મેળવવા પરમાર્થ પરાયણુ થઇ આપણા ગરીબ અસમર્થ જ્ઞાતી જનોપર દયા દ્વારા ભલું કરવા. આગલ પગલુ ભરી પ્રતિજ્ઞા લેશો તોજ, શુભ કીર્તી વેલીની માફક ફેલી, આ જગતમાં નામપર કહેવાઈ પરલોકમાં પરમાત્માનાં પ્રીય થસો.

અન્ય થા નહી અને સર્વત્ર ભાઇઓ જાણો છો કે આ દેહી ક્ષણુ ભગુર સમાન ખોટી છે તેથી ત્વરીતથી ચેતી બલતામાંથી બચાવવું તે સમાન બીજું કોઇ પણ પુણ્ય માહરા તુચ્છ મત પ્રમાણે જોવામાં આવતુ નથી તેમજ સર્વ ગુણજ્ઞ મહાશયો પણ અજાણુ નથી તેથી તેનાંપર એક મહાત્માએ મત કહ્યુ છે તેનો ભાવાર્થ સ્પષ્ટ છે.

"કવિત"

યુક્તિ ઉપાઇ, ધની ઉમ્મર ગુમાઇ;
કછુ કીનન કમાઇ, કામ ભયો ન ભલાઇકો.
ઐાષિજળ આઇ, તળકોનહે સહાઇ ભાઇ,
રાઇભર કછુનાં બસાઈ ઠકુરાઇકો.
આઇ પહુંચાઇ, પછતાઇ માઈ બાઇ જાઈ,
છુટયો નાતો તુટયો તાતો કીસન સગાઇ કો.
ઇહાતો સહાઇ ધામ ધમહિં ચલાઇ પર,
ઉહાતો નહીં હે ભાઇ રાજ પોપાં બાઇકો.

માહરા સુશીલ જનો વિવેકી ભ્રાતા પ્રત્યે કહું છું કે ઉપરના કવીતનો વિચાર શક્તિથી નીર્ણય કરી તેમનો ખરો અર્થ લેવા આપ સર્વત્ર ગુણજ્ઞ વૃંદોને સોંપવાની ઇચ્છા રાખી માહરૂં બોલવું અહીંથી બધ કરૂંછું.

શાન્તી. શાન્તી. શાન્તી.

લી. આપ સમગ્ર ગ્નાતી જનોનો સેવક. ભવદીય.
મી. રણછોડલાલ નાહનાલાલ પંચાલ. રાજકોટ નિવાસી.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો સરઢવ પચાલ મંડળ અમદાવાદ પીરમહમદશાહના રોજાના ડહેલામાં પંચાલ તુલસીભાઈ હીરાચંદ ત્રીજોરી વાળાને ત્યાંથી અથવા પ્રસિદ્ધ કર્તા પાસેથી મળશે. માટે જેઓ ગૃહસ્થોને જોઇતાં હોય તેઓએ રોકડી કીંમતથી મંગાવી લેવાં.

આ પુસ્તકોના ખરચ કાઢતાં જે રકમ ફાજલ રહે તે સરઢવ પંચાલ મંડળના ફંડ ખાતે જમા કરવામાં આવશે.

પુસ્તકનું નામ	રૂ. આ પા.
પચાલ બ્રાહ્મણ સિદ્ધાન્ત.	૦—૨—૦
જ્ઞાત સુધારો.	૦—૧—૦
શેઠોની શાખા અને પટોલોનું પોગળ.	૦—૦—૬
મનુષ્ય કર્તવ્ય. રામપ્રસાદ લક્ષ્મણપ્રસાદ મિશ્ર કર્તાનું.	૦—૪—૦

જાહેર ખબર